હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... સ્વાદ થોડો જુદો લાગશે ... રીસાયકલનો જમાનો છે... અમારા મેનેજમેન્ટે નક્કી કર્યું છે... સનિ રવિ... રીસાયકલ ફુડ પીરસવું...!!

આપણું શહેર આપણું શાસનના અભિગમ સાથે ગાંધીનગર લોક વિકાસ મંચનો ઉદય

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ દુવિધાઓના દંગલ વચ્ચે આમ નાગરિકોએ તગડો વેરો ચુકવવાનો વારો આવ્યો છે. જયારે નગરની સ્થાનિક સમસ્યાઓ હજુ યથાવત છે. બીજીતરફ શહેરના સ્થાનિક જનજીવનમાં રાજકીય દુષણ પ્રવેશતા શહેરનો વિકાસ પણ રૂંધાયો હોવાનો સુર ગાંધીનગર વિકાસ મંચે ઉઠાવ્યો છે. મહાનગરપાલિકાના બદલે શહેરના વહીવટ પુનઃ સરકાર હસ્તક કરી દેવા તેમજ આમ નાગરિકો પરથી વેરાનો બોજ હળવો કરવાના આશય સાથે વિકાસ મંચે આગામી રણનિતિ તૈયાર કરવાની મથામણ હાથ ધરી છે.

ગાંધીનગરમાં મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ નગરનો વિકાસ રૂંધાયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે આમ નાગરિકો પર વેરાનો બોજ નાંખી દુવિધાઓના દંગલ વચ્ચે સુવિધાના નામે મીંડુ જોવા મળી રહયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ શહેરના જાહેર જીવનમાં રાજકીય પ્રદુષણ પ્રવર્તયુ હોવાથી વહીવટી પાંખ અને ચુંટાયેલા સભ્યો વચ્ચેના ગજગ્રાહનો નિર્દોષ નાગરિકો ભોગ બની રહયા છે. તેવી લાગણી સાથે લોક વિકાસ મંચની સ્થાપના કરવામાં આવી છે. ગાંધીનગર લોક વિકાસ મંચના પ્રમુખ ડાહ્યાભાઇ પટેલ તેમજ મહામંત્રી મનુપ્રસાદ મહેતા વિષ્ણુભાઇ પટેલ તેમજ સભ્ય મુળજીભાઇ પરમારે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે

મહાનગરપાલિકાને બદલે પુનઃ સરકારને વહીવટ સોંપી નગરજનોને વેરા મુક્ત કરવાની સંસ્થાની નેમ ચંદીગઢની જેમ વહીવટ સરકારને સોંપી દેવા માંગ

મહાનગરપાલિકાને બદલે શહેરનો વહીવટ પુનઃ સરકાર હસ્તક કરવાની સાથે નગરજનોને વેરામાંથી મુક્તિ મળે તેવા આશયથી ગાંધીનગર વિકાસ મંચની રચના કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ સરકાર શહેરના વિકાસની જવાબદારીમાંથી છટકી ગઇ છે. કરોડોના બજેટની જરૂરિયાત સામે નજીવી ગ્રાન્ટ સહાય ફાળવીને વિકાસની જવાબદારી પ્રજા પર ઢોળી દેવામાં આવે છે. વિકાસ કામોના નામે મોટાભાગની રકમ બાકડા તેમજ સોલાર લાઇટ પાછળ ખર્ચાઇ ચુકી છે. જયારે પ્રાથમિક સુવિધાઓના કામ તરફ ધ્યાન આપવામાં આવતુ નથી. સ્માર્ટ સિટીના પ્રોજેકટમાં પણ ગાંધીનગરનો સમાવેશ થયા બાદ પણ તંત્ર ઉદાસીન છે. ત્યારે કર્મચારીઓના નગર તરિકેની આગવી ઓળખ ધરાવતા નગરના બુધ્ધિજીવીઓ તેમના અનુભવોનો લાભ નગરના વિકાસને મળે તે માટે વિકાસ મંચના માધ્યમથી નગરજનોના હીતમાં વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરના સ્થાનિક પ્રશ્નોનો ઝડપભેર નિકાલ થાય તેવી માંગ પણ પ્રબળ બની છે. પંજાબ, હરિયાણા અને ચંદીગઢનો વહીવટ વર્ષોથી કેન્દ્ર સરકાર કરે છે. તેની જેમ ગાંધીનગરનો વહીવટ પણ મહાનગરપાલિકાના બદલે રાજય સરકાર સંભાળે તેવી મુખ્ય માંગ પણ વિકાસ મંચના માધ્યમથી રજુ કરવામાં આવી છે. આ મામલે આગામી રણનીતી નક્કી કરવા માટે નગરના કર્મચારીઓ અધિકારીઓ તેમજ આમ નાગરિકો પોતાના સુચનો અને મંતવ્યો રજુ કરવા માટે પણ મંચ દ્વારા જણાંવાયુ છે.

આગામી રેલ બજેટને ધ્યાને રાખી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેન ફાળવવા રેલમંત્રીને રજુઆત કરાશે

ગાંધીનગર તા ૬

દાયકાઓના અંતે પણ કેપિટલ રેલવે સ્ટેશનનો વિકાસ પુર્ણરૂપે થઇ શકયો નથી. કેપિટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષોની રજુઆતના અંતે સ્ટેશન પરથી રોજ બરોજ ચાર ટ્રેનની અવરજવર રહે છે. જયારે વાયા કલોલ થઇને જતી ટ્રેઇનોને ગાંધીનગર થઇને દોડાવવા માટે રેલમંત્રીને રજુઆત કરવામાં આવી છે. દર વખતે રેલ બજેટના અંતે પણ ગાંધીનગર સ્ટેશનને ઠેંગો દેખાડી દેવાતા કોઇ નવી ટ્રેઇન શરૂ કરવાની આશા પર પાણી ફરિ વળે છે. આગામી રેલ બજેટમાં કેપિટલ સ્ટેશનને ન્યાય મળે તેવી પ્રબળ માંગ સાથે શહેર વસાહત મહામંડળ દ્વારા રેલ મંત્રીને પત્ર લખવામાં આવ્યો છે.

દરવર્ષે રેલ બજેટમાં કેપિટલ સ્ટેશનને ઠંગો દેખાડી દેવાતા આક્રોશ

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા સ્ટેશન વિસ્તારમાં હજુ સુધી યાત્રિકોને અનુલક્ષી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થઇ શકી નથી. કેપિટલ સ્ટેશન પર રોજબરોજ ચાર ટ્રેઇનની અવર જવર જોવા મળે છે. દાયકાઓના અંતે કેપિટલ સ્ટેશન પરથી દિલ્હી મુંબઇ અને ઇન્દોર સહીતના શહેરો સાથે જોડાતા સ્થાનિક નાગરિકોને ટ્રેઇન સુવિધા ઉપલબ્ધ થઇ છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગર સ્ટેશનને નવી ટ્રેઇનો ફાળવવા માટે દર વર્ષે રેલવે બજેટ દરમિયાન કેન્દ્રીય મંત્રાલય સમક્ષ રજુઆત કરવામાં આવે છે. પરંતુ દર બજેટના અંતે કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવામાં આવે છે. ગત રેલવે બજેટના અંતે પણ નગરજનોને નિરાશા સાંપડી હતી. આગામી તા ૨૫ ફેબ્રુઆરીના રોજ રેલવે બજેટ રજુ કરવામાં આવનાર છે. ત્યારે ગાંધીનગર સ્ટેશનને ફરિએકવાર અન્યાય ન થાય તે માટે રેલવે મંત્રીને રજુઆત કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ વાયા કલોલ થતી ટ્રેઇનોને ગાંધીનગર તરફ દોડાવવા રજુઆત કરવામાં આવશે. કોલવડા તેમજ મોટી આદરજ સ્ટેશનને ધમધમતા કરીને રાજયના અન્ય શહેરોને જોડતી રેલ સુવિધા પુરી પાડવા માટે પણ રજુઆત કરાશે.

અખિલ આંજણા કેળવણી સંચાલિત શ્રી ચૌધરી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેકટર-૭ ખાતે શનિવારે 'સાડી ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. સામાન્યતઃ રોજ ડ્રેસ અને જીન્સમાં સજ્જ યુવતીઓએ સાડી ડેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

માતૃભાષા દિવસ પ્રસંગે શાળા પુસ્તકાલયોનું સન્માન

શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે વર્ષ ૨૦૦૯માં સ્થાપવામાં આવેલ બાળકો માટેના શાળા પુસ્તકાલયોમાંથી ઉત્તમ ૧૭ પુસ્તકાલયોનું માતૃભાષા દિવસ પ્રસંગે સન્માન કરવામાં આવશે. ગુજરાત રાજયના યુવક અને સાંસ્કૃતિક વિભાગના પૂર્વ સચિવ તથા સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઇ જહાની અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમ સમયે ભાવનગર ખાતે મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં શિશુવિહાર દ્વારા પ્રોત્સાહિત ૫૭ બાળ પુસ્તકાલયોના સંચાલકોનું સન્માન કરવામાં આવનાર છે. માતૃભાષાના વિકાસના દૂરગામી હેતુને લક્ષમાં રાખી ભાવનગરની સેવાભાવી સંસ્થા શિશુવિહાર દ્વારા સ્થાપિત બાળપુસ્તકાલયોમાં પ્રતિ વર્ષ બીજા ૧૦૦-૧૦૦ બાળ પુસ્તકો ઉમેરાતા રહ્યા છે તેમ બાળ સાહિત્ય આધારિત ચિત્ર આલેખન અને વાર્તાકથન પ્રકારે કાર્યક્રમો યોજી પ્રતિવર્ષ ૧૭૦૦ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

શાળાએ જતા વિદ્યાર્થીઓનું ઈત્તરવાંચન વધે, તેઓ પોતાના કુટુંબ સાથે પણ વાર્તાઓની આપ-લે કરે અને આ કાર્ય કરતા શિક્ષકોની માનદ સેવાની કદર થાય તે માટેના આ પ્રયત્નમાં ગુજરાત પુસ્તકાલયની 'પુસ્તક પરબ યોજના' અંતર્ગત અમરેલી અને ભાવનગર જિલ્લાના ૧૪-૧૪ ઘર પુસ્તકાલયોને રૂ. ૫૦૦૦ના પુસ્તકોનું વિતરણ શિક્ષણવિદ્ ડો. પ્રતાપભાઇ પંડયાની વિશેષ ઉપસ્થિતિમાં કરાશે. તા.૨૧ ફેબ્રુઆરીએ માતૃભાષા દિવસની ઉજવણી સમગ્ર ગુજરાતમાં થશે ત્યારે ભાવનગર માતૃભાષાના રખેવાળોનું અભિવાદન કરી પુસ્તકાલયોને આદર આપી એક નવો ચીલો ચાતરશે જે સમગ્ર ગુજરાત માટે પ્રેરણાત્મક બનશે.

ફિઝિયોથેરેપી કોલેજમાં કોમ્યુનિકેશન એન્ડ લિસનીંગ સ્કીલ અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીમાં કોમ્યુનિકેશન એન્ડ લિસનીંગ સ્કીલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

આજના યુગમાં કોમ્યુનિકેશન સ્કીલ ખુબ જ અગત્યની બનતી જાય છે. વિશ્વભરમાં કોમ્યુનિકેશનની પધ્ધતિઓ ઝડપથી નવા આયામો ધારણ કરી રહી છે. આ સંજોગોમાં કોમ્યુનિકેશન સ્કીલને વિકસીત કરવી એ દરેક વિદ્યાર્થીઓ માટે પાયાની જરૂરિયાત બનવા પામી છે. આ સાથે લિસનીંગ સ્કીલ પણ એટલી જ અગત્યતા ધરાવે છે. વિદ્યાર્થીઓમાં કોમ્યુનિકેશન એન્ડ લિસનીંગ સ્કીલ વિકસાવવાના હેતુથી ગાંધીનગરની ફિઝિયોથેરેપી કોલેજમાં ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સલોની શાહ, જયરામ શાહ તથા લક્ષ્મીબેન સહિતના તજજ્ઞોએ વિદ્યાર્થીઓને મહત્વની જાણકારી પ્રદાન કરી હતી. વર્કશોપનો લાભ માત્ર વિદ્યાર્થીઓએ જ નહી પરંતુ કોલેજના તમામ કર્મચારીગણે પણ ઉઠાવ્યો હતો. આ પ્રકારના વર્કશોપના આયોજનથી વિદ્યાર્થીઓમાં બાહ્ય ગુણોનો વિકાસ કરી સર્વાંગી તાલીમ આપવા પ્રયત્ન કરાય છે.

"શ્રી હનુમાન ચાલીસાની વ્યાખ્યાની સાથે જીવન પ્રબંધન" પર પંડિત વિજયશંકર મહેતાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૬

પંડિત વિજયશંકર મહેતાએ તેમના વ્યાખ્યાનમાં શ્રી હનુમાન ચાલીસા સાથે જીવનને જોડીને દિવ્ય શાંતિનો અનુભવ કરાવવાનો આધ્યાત્મિક માર્ગ દર્શાવ્યો હતો. "શ્રી હનુમાન ચાલીસાની વ્યાખ્યાની સાથે જીવન પ્રબંધન" પર પંડિત વિજયશંકર મહેતાના વ્યાખ્યાનનું આજે રાજભવન ખાતે આયોજન કરાયું હતું.

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ તેમના પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે પંડિત વિજયશંકર મહેતાએ તેમના વ્યાખ્યાનમાં શ્રી હનુમાન ચાલીસાને વાસ્તવિક જીવન સાથે જોડીને આપણા જીવનને એક નવી દિશા પ્રદાન કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આપણી ધાર્મિક પરંપરાઓ અને સાહિત્ય આપણી બહુ મોટી પૂંજી છે, જે આપણને જીવન જીવવાનો દિવ્ય માર્ગ દર્શાવે છે.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય મંત્રીશ્રી જયદ્રથસિંહ તથા અન્ય આમંત્રિત મહાનુભાવો, રાજભવનના અધિકારી-કર્મચારીઓ તથા તેમના પરિવારજનોએ પંડિત વિજયશંકર મહેતાના વ્યાખ્યાનને રસપૂર્વક સાંભળ્યુ હતુ.

સે-૨૧માં મોબાઈલ શોપ પર એસઓજીનો દરોડો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે સ્થિત આર વર્લ્ડ થિયેટર પાછળ આવેલી સાંઈ મોબાઈલ દુકાનમાં એસઓજીની ટીમ ત્રાટકી હતી.

જિલ્લા કલેકટરના જાહેરનામા મુજબ રજીસ્ટર નિભાવવું ફરજીયાત હોવા છતાં આ દુકાનમાં સિમકાર્ડ વેચાણનું રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જે અનુસંધાને એસઓજીએ દુકાન માલિક હિરલભાઈ મહેશભાઈ શાહ સામે ગુનો દાખલ કરીને જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

સાત દિવસમાં ડભોડામાં દારૂ બંધ કરાવવા અલ્ટીમેટમ

ગુજરાતમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીથી વ્યસનમુક્તિ અભિયાનના એલાન અપાયા બાદ સમગ્ર જિલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગંદકી અને વ્યસન નેસ્ત નાબુદ કરવાના ઝુંબેશ રૂપે ડભોડા પોલીસ સ્ટેશન સમાવિષ્ટ ગામોમાં દારૂની બદી સદંતર બંધ કરાવવા યુવાવર્ગ જાગૃત બનતા સંગઠનમંત્રી રાજુજી ઠાકોરની આગેવાની હેઠળ આજે વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત પોલીસને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં પ્રાંતિયા-બુટાલિયા ગામમાં દારૂનું દુષણ સાત દિવસમાં બંધ કરાવવા મહેતલ આપવામાં આવી છે અને ત્યારબાદ પણ ઝુંબેશ ચાલુ રહેશે તેવું જણાવ્યું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મોટી ભોંયણ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

કલોલ તાલુકાના મોટી ભોંયણ ખાતે પ્રાથમિક શાળામાં હાજીપુર પીએચસી તથા જિલ્લા આરોગ્ય કેન્દ્ર દ્વારા ગઈ કાલે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આશરે ૨૦૦ જેટલી વ્યકિતઓની તપાસ કરવામાં આવી હતી. સર્વ રોગ નિદાન કેમ્પમાં મુલાકાતીઓના ડાયાબીટીશ, ટીબી, હિમોગ્લોબીનની ઉણપ વગેરે બિમારીઓ ઉપરાંત બ્લડગૃપની તપાસ પણ કરી આપવામાં આવી હતી. તપાસ દરમિયાન જે દર્દીને રોગ અથવા રોગના લક્ષણો હોવાનું જણાયું હોય તેમને જરૂરિયાત મુજબની સારવાર અંગે વિસ્તારથી સમજ આપવામાં આવી હતી તથા યોગ્ય સલાહ પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં આશરે ૪૦થી વધુ વિદ્યાર્થીઓની પણ તપાસ કરવામાં આવી હતી. આ સર્વ રોગ નિદાન કેમ્પમાં કલોલની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસના સ્વયંસેવકોએ ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો સમય પૂર્ણ થઈ ગયા પછી પણ ઉમેદવારોના સમર્થકોની ભીડને દૂર કરવા પોલીસ આવી પહોંચી હતી.

● ગાંધીનગર મહુડી માર્ગ પર ઈશ્વરપુરા નજીક બની રહેલ બ્રીજ નજીક કોઈ સાઈન બોર્ડ મુકવામાં આવ્યા ન હોવાથી યાત્રિકો રોડની બન્ને સાઈડે અટવાઈ જવાની ઘટનાઓ આજે બહુ બની હતી. કેટલાક યાત્રિકો તો પ્રાંતિજ થઈ પરત ફર્યા હતા.

● ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી સેલ દ્વારા આજે બપોરે ૩ વાગે સ્ટાફ ટ્રેનીંગ કોલેજના હોલમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું છે.

● ગાંધીનગર શહેરમાં ખાસ કરીને નવા સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી રહી છે.

● ગાંધીનગર ડેપોમાં સમયસારણીમાં દર્શાવ્યા સમયે બસો નહિ દોડતી હોવાની ફરિયાદો ઉઠી છે. તેમજ અમદાવાદના સ્ટોપેજે પણ મુકેલ સમયસારણી મુજબ બસો આવતી નહિ હોવાની ફરિયાદો વધી રહી છે.

● રાજ્યના સનદી અધિકારીઓની બદલી તેમજ મામલતદારથી ડે. કલેક્ટરની બઢતી અને મામલતદારોની બદલીઓ અંગે કવાયત ચાલી રહી હોવાનું સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વોર્ડસભાનું આયોજન

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં તથા માણસા, કલોલ અને દહેગામ નગરપાલિકા દ્વારા નગરપાલિકા વિસ્તારમાં વોર્ડસભાનું આયોજન તા. ૮ થી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમ્યાન કરવામાં આવશે. જેમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત અગ્રતા ધરાવતાં કુટુંબોના લાભાર્થીઓની યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ અને વાંચન ગ્રામ્ય વિસ્તારમાં યોજવામાં આવેલી ગ્રામસભાની જેમ જ કરવામાં આવશે. જેમાં વાંધા અને દાવા માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ પણ નિયત નમૂનામાં વાંધા અને દાવા અરજી દિન-૭માં સંબંધિત ઝોનલ કચેરીને પહોંચાડવાની રહેશે.

કલાકારોની અભિનય કલાને પ્રોત્સાહિત કરવા રાજ્ય સંગીત નાટક અકાદમી સ્પર્ધા યોજશે : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યની શાળા-કોલેજોના બાળકો-યુવા વિદ્યાર્થીઓમાં પડેલી પ્રતિભાસંપન્ન અભિનય કલાને પ્રોત્સાહિત કરવા ગુજરાત સંગીત નાટક અકાદમી રાજ્ય સ્તરીય સ્પર્ધાઓ યોજી શ્રેષ્ઠ નાટકોના જાહેર મંચન કરશે તેવી નેમ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં ૧૮માં ભારત રંગ મહોત્સવનો પ્રારંભ કરાવતાં આ નેમ દર્શાવી હતી. ગુજરાતી નાટ્ય પ્રવૃત્તિને વ્યાપક ફલક આપવા રાજ્ય સરકાર ગુજરાતી ફિલ્મોની નીતિની પરિપાટીએ નાટ્ય પ્રોત્સાહન નીતિ તૈયાર કરવા પણ ઉત્સુક છે. શ્રીમતી આનંદીબહેને કહ્યું કે આ માટે પ્રતિષ્ઠિત નાટ્યકારો, લેખકો, કલામર્મજ્ઞો, અભિનેતા-દિર્ગદર્શકોના સૂચનો-સૂઝાવ આવકાર્ય છે.

દિલ્હી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા અને ગુજરાત વિદ્યાસભા લલિત કેન્દ્ર દ્વારા આયોજિત ૧૮મો ભારત રંગ-ઉત્સવ-૨૦૧૬ પાંચમી ફેબ્રુઆરીથી એક સપ્તાહ માટે અમદાવાદમાં શરૂ થયો છે.